# ગુજરાત પોલીસ

## ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની અગત્યની જાહેરાત

## જાહેરાત ક્રમાંક : LRB/201617/1

ગુજરાત પોલીસ દળમાં હથિયારી/બિનહથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ/મહિલા), એસ.આર.પી કોન્સ્ટેબલ(પુરૂષ), જેલ સિપાઈ (પુરૂષ), જેલ સિપાઈ(મહિલા/મેટ્રન)-વર્ગ-૩ સંવર્ગની નીચે મુજબની કુલ ૧૭૫૩૨ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | સંવર્ગ | ખાલી જગ્યાની વિગત |
|---|---|---|
| ૧ | બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ) | ૭૫૭૧ |
| ૨ | બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (મહિલા) | ૩૭૨૯ |
| ૩ | હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ) | ૧૧૩૯ |
| ૪ | હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (મહિલા) | ૫૬૧ |
| ૫ | એસ.આર.પી. કોન્સ્ટેબલ (પુરૂષ) | ૩૭૮૦ |
| ૬ | જેલ સિપાઈ (પુરૂષ) | ૭૦૦ |
| ૭ | જેલ સિપાઈ (મહિલા/મેટ્રન) | ૫૨ |
| | કુલ | ૧૭૫૩૨ |

૨/- ઉપર જણાવેલ તમામ સંવર્ગની ખાલી જગ્યાઓ પૈકી અનામત વર્ગોની જગ્યાઓની વિગત https://ojas.gujarat.gov.in વેબ સાઈટ ઉપર ભરતી અંગેની મુકવામાં આવેલ સુચનાઓમાં દર્શાવવામાં આવેલ છે. જે જોઈ લેવાની રહેશે.

૩/- લોકરક્ષક ભરતી અંગેની તમામ સુચનાઓ તા.૦૧/૦૭/૨૦૧૬ થી https://ojas.gujarat.gov.in વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. આ તમામ સુચનાઓ કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૭/૦૭/૨૦૧૬ (સવાર કલાક ૦૯.૦૦) થી તા. ૩૦/૦૭/૨૦૧૬ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઈન્ટરનેટ પર https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર જઈ **પોલીસ ભરતીની જાહેરાત** ના પેઈજ પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૪/- ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા જે તે સંવર્ગની જગ્યાઓ માટે ભરતીને લગત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય સૂચનાઓ ઉકત વેબસાઈટ પરથી કાળજીપુર્વક વાંચી લેવાની રહેશે.

૫/- ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે ભરતી બોર્ડ દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજૂ કરવાની રહેશે.

૬/- ઉમેદવારે ઉપર જણાવેલ જગ્યાઓ માટે ફકત એક જ અરજી કરવાની રહેશે અને કોઈપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂમાં કોઈ પણ કચેરીમાં અરજી પત્રક મોકલવાના રહેશે નહીં. તેમજ આવા અરજીપત્રકો કોઈપણ કચેરીમાં સ્વીકારવામાં પણ આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૭/- ભરતી અંગેના નિયમો /ઠરાવો/પરિપત્રો ઈન્ટરનેટ પર http://home.gujarat.gov.in અને http://gad.gujarat.gov.in વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૦૧/૦૭/૨૦૧૬**

**(જ્ઞાનેન્દ્ર સિંહ મલિક,IPS)**
**અધ્યક્ષ લોકરક્ષક ભરતી બોર્ડ અને**
**પોલીસ મહાનિરીક્ષક**
**વડોદરા વિભાગ, વડોદરા**

**(માહિતી-૪૪૧-૨૦૧૬-૨૦૧૭)**